ગાંધીનગર સમાચાર
તા. ૨૨-૨-૨૦૧૪, શનિવાર

## તંત્રી સ્થાનેથી....

### આયારામ ગયારામની મોસમ

ચૂંટણી આવતાંની સાથે ગુજરાતમાં આયારામ-ગયારામની મોસમ ફાલીફૂલી છે. આમ તો આ જૂનો અને જાણીતો રોગ છે અને દેશભરમાં વ્યાપક પ્રમાણમાં ફેલાયેલો છે પણ ગુજરાતમાં એને ખાસ્સી સુગાળવી નજરે જોવામાં આવે છે. વિચારસરણીના નામે આ કે તે પક્ષો સાથે જોડાયેલા કાર્યકરો એમના પ્રતિસ્પર્ધીઓ સામે જીવસટોસટ લડાઈ લડતા હોય છે. સામા માણસને દુર્ગુણોનો ભંડાર દર્શાવી એનો તો પડછાયો પણ ન લેવાય, એવો પ્રચાર કરતા હોય છે. પરંતુ પછી પોતાની હેસિયતનો ખરો અંદાજ આવી જતાં એ જ નેતાનો ખેસ પહેરી લેતાં ખચકાતા નથી. આજકાલ ગુજરાતના મુખ્યમંત્રીના નામની ભારે બોલબાલા છે. એની સામે કોંગ્રેસની માઠી દશા ચાલી રહી છે. કોંગ્રેસમાં જે નેતાગીરી છે તે અંદરોઅંદરની લડાઈમાં પોતાના જ પગ કાપતી રહી છે. પરિણામે નરેન્દ્ર મોદી જેવા વાઘ માટે કોંગ્રેસના વાડામાંથી ઘેટાં ઉપાડી જવાનું ખૂબ સહેલું બની ગયું છે. ભાજપના અસંતુષ્ટો વર્ષો પહેલાં રાષ્ટ્રીય જનતા પાર્ટીના નેજા હેઠળ અને શંકરસિંહ વાઘેલાના નેતૃત્વ નીચે જુદા પડ્યા હતા. શંકરસિંહ વાઘેલાનો આ બળવો લાંબે ગાળે નરેન્દ્ર મોદીને ફળ્યો. કેશુભાઈ પટેલને હટાવીને તેઓ મુખ્યમંત્રી બન્યા ત્યાર પછી ગુજરાતમાં કોંગ્રેસ ઝાઝું કાઠું કાઢી શકી નથી. ઈન્દિરા અને ઈન્ડિયાને સમાનાર્થી ગણવામાં આવતાં એમ નરેન્દ્ર મોદી અને ભાજપ હવે સમાનાર્થી શબ્દો બની ગયા છે. કેશુભાઈ પટેલના વફાદાર સાથી ગોરધન ઝડફિયાની મહાગુજરાત જનતા પાર્ટીનો ગુજરાત પરિવર્તન પાર્ટીમાં વિલય થયા પછી હવે એ પાર્ટી સાગમટે નરેન્દ્રં શરણં ગચ્છામિ કરી રહી છે. મોદીના આ કરિશ્માથી અંજાઈને કોંગ્રેસમાં પોતાનું ધૂંધળું ભવિષ્ય જોનારા ઝુઝારુ આગેવાનો એક પછી એક એમના પદ પરથી રાજીનામાં ધરી મોદી-શરણું લઈ રહ્યા છે. નરહરિ અમીનથી શરૂ થયેલો પક્ષપલટાનો દોર વણથંભ્યો આગળ વધી રહ્યો છે. સૌરાષ્ટ્રમાંથી કોંગ્રેસની તળિયા ઝાટક સફાઈ કરી નાખવાની નેમના ભાગ રૂપે પહેલાં રાજવી લોબી અને પછી લેઉઆ પાટીદાર આગેવાનો વિઠ્ઠલ રાદડિયાની વિકેટો ખેરવવામાં આવી. હવે જ્યારે ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીની ઘડીઓ ગણાઈ રહી છે ત્યારે અમરેલીના ધારાસભ્ય બાવકુ ઉંઘાડ, ગીર સોમનાથના જશાભાઈ બારડ અને એમના અનેક ટેકેદારોએ ગુજરાતના નેતાને વડાપ્રધાન બનાવી દેવા કમ્મર કસી છે. આ બધા કોંગ્રેસમાંથી ચૂંટાયા હતા. પરંતુ કોંગ્રેસમાં નેતાગીરીના નામે નામું લખાઈ ગયા પછી મુંઝાતા હતા.હિંમતનગરના કોંગ્રેસી ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા તો મોદીના વફાદાર સાથી અને પૂર્વ ગૃહરાજ્ય મંત્રી પ્રફુલ્લ પટેલને હરાવીને જીત્યા હતા. આ તમામને હવે કોંગ્રેસ અળખામણી લાગવા માંડી છે. બધા એક જ સૂરમાં વાત કરે છે: અમે ગુજરાતના મુખ્યમંત્રીને વડાપ્રધાન બનવામાં મદદરૂપ થવા માટે ભાજપમાં જોડાઈ રહ્યા છીએ. દેશનું સુકાન હવે એક માત્ર નરેન્દ્ર મોદીના હાથમાં જ સલામત રહી શકે એમ છે. કોંગ્રેસની આ માઠી દશાના મૂળમાં શું પડેલું છે? મોંઘવારી, ભ્રષ્ટાચાર, વંશવાદ- એ બધા મુદ્દાઓ તો આ પક્ષપલટો કરીને આવનારા નેતાઓને પણ લાગુ પડી શકે એમ છે. વળી આ મોટા ભાગના નેતાઓનું મૂળ ગોત્ર કોંગ્રેસ નહોતું. એમણે અગાઉ શંકરસિંહ વાઘેલા કે કેશુભાઈ પટેલના નેતૃત્વમાં ઈન્દિરા ગાંધી અને રાજીવ ગાંધી વિરુદ્ધ બેફામ વાણી વિલાસ કર્યો હતો. વચ્ચે એક તબક્કો એવો આવી ગયો કે એમને ભાજપ છોડી કોંગ્રેસનું શરણું લેવું પડ્યું અથવા મજપા કે જીપીપી જેવી પાર્ટી બનાવવી પડી. તે સમયે આ જ નેતાઓએ ભાજપને અને આજના વડાપ્રધાનપદ વાંચ્છુ નરેન્દ્ર મોદીનાં ગુણગાન ગાતાં થાકશે નહીં! પ્રજા એમને ઓળખે છે છતાં 'ઓળખી' નથી શકતી. હા, નરેન્દ્ર મોદીએ એમને બરાબર 'ઓળખી' લીધા છે. હાલ પૂરતા એ કામના છે. પછીની વાત પછી.



### લાયોનેસ ક્લબ દ્વારા યુવાનો માટે કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન

લાયોનેસ ક્લબ ઑફ ગાંધીનગર દ્વારા માણસાના ઈન્દ્રપુર ગામે ચાલી રહેલા અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજના **NSS** કેમ્પ દરમિયાન યુવા કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં લિબર્ટી કેરિયર એકેડમીના શ્રી જગદીશભાઈ પટેલે કોલેજના વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓ અંગે સચોટ માર્ગદર્શન આપ્યું હતું. આજના સ્પર્ધાત્મક યુગમાં વિદ્યાર્થીઓ અભ્યાસની સાથે-સાથે કઈ કઈ સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપી શકે તેની રસપ્રદ માહિતી શ્રી જગદીશભાઈએ આપી હતી. અંતમાં વિદ્યાર્થીઓ અને વક્તા વચ્ચે પ્રશ્નોત્તરી પણ થઈ હતી. આ સેમિનારને સફળ બનાવવા માટે લાયોનેસ ક્લબ ઑફ ગાંધીનગરના પ્રમુખ આરતી ભટ્ટ, **NSS** કેમ્પના પ્રોગ્રામ ઓફિસર શ્રી રણછોડભાઈ રથવી, લાયોનેસ સેક્રેટરી મીનાક્ષી જયસિંઘાણી તથા ટ્રેઝરર જ્યોતિબેન પંચાલે ખૂબ જહેમત ઉઠાવી હતી.

### એમ.બી. પટેલ સ્કુલમાં સાયન્સ અવેરનેશ વર્કશોપ

ગાંધીનગર, તા. ૨૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એમ.બી. પટેલ ઈંગ્લિશ મીડિયમ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કુલ અને ફીઝીકલ રીસર્ચ લેબોરેટરીના સંયુક્ત ઉપક્રમે સાયન્સ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. ડૉ. રાજમલ જૈન માહિતી આપી હતી. ડૉ. નરોતમ સાહુએ ઓનલાઈન સાયન્સ એડ ટેકનોલોજી ડેમોસ્ટ્રેશનથી માહિતગાર કર્યા હતા. ડૉ. ધનંજય રાવલે આધુનિક શોધોથી જાણકારી આપી હતી. ડૉ. સોમકુમાર શર્માએ પૃથ્વીના વાતાવરણની સજીવ સમુદાયો માટેની ચર્ચા કરી. પ્રો. હરિઓમવત્સે સૂર્યમંડળની માહિતી આપી ડૉ. ભાનુકુમાર શર્માએ અલ્પઅપુ ધરાવતી જાતી વિશે માહિતી આપી, ડૉ. તુષાર પંડ્યાએ વિજ્ઞાન વિશે જાણકારી આપી હતી.

### હરિની દૃષ્ટિ...




### બિનેવલન્સ ટ્રસ્ટ દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો

સામાજીક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલી અને જરૂરીયાતમંદ વ્યક્તિઓની પડખે ઉભી રહેલી ગાંધીનગરની બિનેવલન્સ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા રક્તદાન અને નેત્રનિદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો. મુખ્ય મહેમાન ડૉ. એસ.કે. નંદા અગ્ર સચિવની ઉપસ્થિતિમાં આજરોજ બાવન ગામ કડવા પાટીદાર સમાજનો ૨૧મો સમુહલગ્નોત્સવ યોજાવામાં આવ્યો હતો. બિનેવલન્સ ટ્રસ્ટ દ્વારા રક્તદાન અને નેત્રનિદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો. કેમ્પમાં ૭૦ બોટલ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતુ. કેમ્પમાં રોડક્રોસ સોસાયટી અને હિંમતનગર સિવિલ હોસ્પિટલ સ્ટાફ અને ટ્રસ્ટના સભ્યોએ પોતાનું યોગદાન આપ્યું હતું.




### એલડીઆરપી ટીમની ઈન્ટર ક્રિકેટ ટુર્નામેન્ટની ફાઈનલમાં ૬ વિકેટે જીત

એલાઈટ કોર દ્વારા ઈન્ટર કોલેજ ટેનિસબોલ ક્રિકેટ ટુર્નામેન્ટ અમદાવાદ એલ.ડી. એન્જિનીયરીંગ કોલેજ ગ્રાઉન્ડ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. ફાઈનલ મેચમાં એલ.ડી.આર.પી. કોલેજ ટીમનો ૬ વિકેટે વિજય થયો હતો. અમદાવાદ એન્જિનીયરીંગ કોલેજના ગ્રાઉંડ ખાતે એલાઈટ કોર દ્વારા ઈન્ટર કોલેજ ટેનિસબોલ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજવામાં આવી હતી. જેની ફાઈનલ મેચ એલ.ડી.આર.પી. કોલેજ અને ઈન્ડસ કોલેજ વચ્ચે યોજાઈ હતી. પ્રથમ બેટીંગ કરતા ઈન્ડસ કોલેજે ૧૪૮ રન બનાવ્યા હતા જેના જવાબમાં ૧૪૯ ના લક્ષાંક સાથે ઉતરેલી એલ.ડી.આર.પી. કોલેજે ૧૮ ઓવરમાં લક્ષાંક પાર કરી દીધું હતું. જેમાં એલ.ડી.આર.પી. ટીમના પરિક્ષીત કંસારાએ ૩૩ રન અને નિતેષ શર્માએ ૪૯ રન કરી ટીમની જીતમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. ટીમને જીતનો સ્વાદ ચખાડવા બદલ નિતેષ શર્માને મેન ઓફ ધ મેચ અને બેસ્ટ બેટસમેન ઓફ ટુર્નામેન્ટ જાહેર કરવામાં આવ્યો હતો. તેમજ પરિક્ષીત કંસારાને મેન ઓફ ધ સિરીઝ જાહેર કરાયા હતા. ફાઈનલ જીત બદલ કોલેજ પરિવારે વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા.

## ધ અનએસાઈલેબલ-૨૦૧૪ કડી સર્વ વિદ્યાલયનો નેશનલ કોમ્પીટીશન કાર્નિવલ

### ૧૦૦૦ થી વધુ કોલેજો ભાગ લેશે : ઓએનજીસીના ડાયરેક્ટર જે.જી. ચતુર્વેદી અને જાણીતા લેખિકા કાજલ ઓઝા વૈદ્ય ઉપસ્થિત રહેશે

ગાંધીનગર, તા. ૨૧

સર્વ વિદ્યાલય, કેળવણી મંડળની ફેકલ્ટી ઓફ મેનેજમેન્ટ દ્વારા તા. ૨૫મી ફેબ્રુઆરી ગુરૂવારે કડી કેમ્પસમાં આવેલ એસ.કે. પટેલ ઈન્સ્ટીટ્યૂટમાં નેશનલ કોમ્પીટીશન કાર્નિવલ-૨૦૧૪ 'ધ અનએસાઈલેબલ'નું આયોજન કરાયું છે. આ ઉત્સવ દરમ્યાન સર્વ વિદ્યાલય કેળવણી મંડળની મેનેજન્ટ સંસ્થાઓના વિદ્યાર્થીઓનું પ્લેસમેન્ટ બ્રોશરનું અનાવરણ કરાશે.

દર વર્ષની માફક કડી સર્વ વિદ્યાલયની મેનેજમેન્ટ સંસ્થાઓ દ્વારા આ વર્ષે પણ 'ધ અનાએઈલેબલ'નું આયોજન કરાયું છે. જેમાં ઓએનજીસીના એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર જે.જી. ચતુર્વેદી સમારંભના ઉદ્ઘાટક તરીકે અને જાણીતા લેખિકા કાજલ ઓઝા વૈદ્ય મુખ્ય વક્તા તરીકે હાજરી આપશે. આ પ્રસંગે કડી સર્વ વિદ્યાલયના ડાયરેક્ટર ડી.ટી. કાપડીયા અને પ્રમુખ વલ્લભભાઈ પટેલ પણ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા ઉપસ્થિત રહેશે.

નેશનલ કોમ્પીટીશન કાર્નિવલમાં ભાગ લેવા માટે ૧૦૦૦ થી વધુ કોલેજોને આમંત્રણ આપ્યું છે. આ સ્પર્ધામાં સમર, રીસર્ચ પ્રોજેક્ટસ, નવીન આઈડીયા, કોન્સેપ્ટ, પ્રોડક્ટસ, પોસ્ટર કોમ્પીટીશન, ગ્રૃપ ડીસ્કશન, મુવી બેઝડ મેનેજમેન્ટ લેશન, શોર્ટ ફિલ્મ, ડોક્યુમેન્ટરી ફિલ્મ મેકિંગ, માર્કેટીંગ સેન્સ, સ્ટોક માર્કેટ ગેમ તેમજ ફેશન કાર્નિવલ વગેરેનું આયોજન કરાયુ છે. આ સ્પર્ધામાં વિવિધ કોલેજોના મેનેજમેન્ટ, આઈટી, ફાર્મસી, એન્જીનીયરીંગ કે કોમર્સના વિદ્યાર્થીઓ ભાગ લેનાર છે.

આ કાર્યક્રમનો ઉદ્ઘાટન સમારોહ કડી કેમ્પસના નાથીબા હોલ ખાતે સવારે ૮,૩૯ ખી ૧૧,૪૫ વાગ્યા દરમ્યાન યોજાશે. આ ઉત્સવની વિવિધ સ્પર્ધાઓ એસ.કે. પટેલ ઈન્સ્ટીટ્યૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર સ્ટડીઝ ખાતે યોજાશે.

## માતૃભાષાના જતન માટે સર્વગ્રાહી પ્રયત્નો જરૂરી : સંમેલનમાં ઊઠેલો એક જ સૂર

### માતૃભાષા જાગરણ અભિયાન દ્વારા શહેરમાં માતૃભાષા ગૌરવ દ્નની ઉજવણી કરાઈ : દસ મુદ્દાનો કાર્યક્રમ જાહેર કર્યો

વડોદરા, તા. ૨૧

માતૃભાષાના જતન માટે સર્વગ્રાહી પ્રયત્નો કરવા પડશે. અને તે માટે સામાન્ય જન સમુદાયથી માંડીને દરેક સ્તરના લોકોને જોડવા પડશે. એમ જાણીતા લેખક અને શિક્ષણવિદ્ ડૉ. મફત પટેલે અત્રે જણાવ્યું હતું.

શનિવારે અત્રે સંસ્થા વસાહત ખાતે રાખેલા વર્ગમેન્ટ સર્વન્ટ ક્રેડિટ સોસાયટીના હોલમાં માતૃભાષા જાગરણ અભિયાનના નેજા હેઠળ યોજાયેલી માતૃભાષા જતન પરિચર્ચામાં તેઓએ સંબોધન કર્યું હતું. આ સભામાં હાજર રહેલા જાણીતા લેખક યશવંત કડીકર (અમદાવાદ)એ સંબોધન કરતાં જણાવ્યું હતું કે, મને અને તમને બોલચાલમાં, લખવામાં અને સમજવામાં સરળ પડે તે આપણી માતૃભાષા. અને તે ભાષા દ્વારા જ વ્યક્તિનો સર્વાંગી વિકાસ શકય બને.

સંમેલનના પ્રારંભે ભૂમિકા બાંધતાં કવિ દુર્ગેશ ઉપાધ્યાયએ માતૃભાષાના જતન માટે દશ મુદ્દાનો કાર્યક્રમ જાહેર કર્યોહતો. અને પ્રાથમિક શિક્ષણમાં ગુજરાતી માધ્યમ જરૂરી હોવા પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું કે, માતૃભાષાને બચાવવા સામૂહિક પ્રયત્નો કરવા પડશે અને તે પણ સતત ચાલુ રાખવા પડશે.

માતૃભાષા જાગરણ અભિયાન હેઠળ આગામી દિવસોમાં યોજાનાર અન્ય કાર્યક્રમોની રૂપરેખા આપતાં ધારાશાસ્ત્રી નિરજ જૈને જણાવ્યું કે, આગામી દિવસોમાં વિદ્યાર્થીઓ અન શિક્ષકો માટે નિબંધ સ્પર્ધા યોજવામાં આવશે. તે ઉપરાંત દરેક શાળાઓમાં ચર્ચા સભા, રેલી જેવા કાર્યક્રમો અપાશે. તેમણે અંગ્રેજીના ખોટા પ્રભાવની અસર અઆન્ય માતૃભાષાઓ પર કેવી થઈ રહી છે તેનો વિસ્તૃત ખ્યાલ આપતાં જણાવ્યું હતુ કે, સંસ્કૃતિને જાળવવી હશે તો માતૃભાષા બચાવવી જ પડશે.

આ જાહેર પરિચર્ચામાં કવિ વિરંચિ ત્રિવેદી, પત્રકાર અવિનાશ મણિયાર, શિક્ષણવિદ નિખિલ દેસાઈ, પ્રતાપરાવ ભોઈટે, કવયિત્રી ડૉ. દીનાબેન શાહ, શંકરભાઈ સી. પટેલ, વિરલ એમ. ભટ્ટ, કિર્તીબેન કોનાટ વિગેરેએ ભાગ લઈ પોતાના વિચારો રજૂ કર્યા હતા. પ્રારંભમાં સુમન વિદ્યાલયના પન્નબેન પટેલે સરસ્વતી વંદના રજૂ કરી હતી. અંતમાં સંસ્થાના અગ્રણી કાર્યકમ અને રાષ્ટ્રભાષા પ્રચાર મંડળના અગ્રણી વસંત કાયસ્થે આભાર દર્શન કર્યું હતું.

માતૃભાષા જાગરણ અભિયાન

૧. માતૃભાષાનું જતન-સંવર્ધન અને સંમાર્જન કરાય

૨. ગુજરાતી ભાષાનો પ્રયોગ બોલચાલથી માંડીને દરેક લેખન કાર્યમાં થાય.

૩. સરકારી કચેરીઓ, વીમા કચેરીઓ, બેંકો, પોસ્ટ વિગેરે તમામ જગ્યાએ ફોર્મ ભરવામાં ચેક ભરવામાં ગુજરાતીનો જ પ્રયોગ થાય.

૪. અંગ્રેજી માધ્યમની શાળાઓમાં ગુજરાતી વિષયનું શિક્ષણ ફરજિયાત થાય.

૫. બાળકને પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં જ અપાય.

૬. ટીવી સિરીયલ, ફિલ્મ વિગેરેમાં ગુજરાતી ભાષાની મજાક ઉડાવાતી જોવાય તો તેનો સામૂહિક વિરોધ કરાય.

૭. શાળા કક્ષાએ માતૃભાષા તરફ સભાનતા કેળવવા વ્યાપક પ્રયત્નો કરાય

૮. અદાલતોમાં ગુજરાતી ભાષામાં કાર્યવાહી, ન્યાયનો ચુકાદો ગુજરાતીમાં જ અપાય.

૯. ગુજરાતી માધ્યમની શાળાઓ બંધ થતી બચાવવા સરકાર દ્વારા અનુદાન આપી જરૂરી પગલાં લેવાય.

૧૦. વ્યાપારી- ધંધાદારી સંસ્થાઓ પોતાના બોર્ડ, બેનરો, વિઝીટીંગ કાર્ડ ગુજરાતીમાં જ રાખે એવા આગ્રહ સાથે તે અંગેનું અભિયાન.

## ન વિચાર, આ કોણ છે આગળ મારી, બીજું ન અન્ય કોઈ તારો જ શ્વાસ છે

### વિચારોનાં મધુવનમાં

પ્રા. ડો. રાકેશ પટેલ

લેસ્ટર આર. બ્રાઉને- જેઓ પર્યાવરણ અંગેના જાણીતા ચિંતક અને અર્થ પોલીસી ઈન્સ્ટિટ્યુટના પ્રમુખ છે, જણાવે છે કે, વિશ્વમાં માથા દીઠ પાણીનું પ્રમાણ ઝડપથી ઘટી રહ્યું છે. તેની સામે વસ્તીમાં સતત વધારો થઈ રહ્યો છે. બંને બાબતો આવનારા દિવસોમાં વિસ્ફોટક સ્થિતિનું નિર્માણ કરશે. લોકો પાસે રહેવા માટે દસ દસ રૂમનાં આલીશાન બંગાલ તો હશે પરંતુ પીવા માટે પાણી નહીં હોય. ખિસ્સામાં પૈસા અઢળક હશે, પરંતુ ખરીદવા બજારમાં અન્ન નહીં હોય.

એવું મનાય છે કે આવનારા પંદર વર્ષમાં આજની સરખામણીએ અડધું પાણી મળશે અને ચાલીસ વર્ષ પછી તો સ્થિતિ વધુ ખરાબ બનશે. આવનારી સંભવીત મુશ્કેલીને ટાળવા માટે આપણી પાસે અઢળક સાધનો અને ઉપાયો છે. જેમાંથી કેટલાક અજમાવાઈ રહ્યા છે. આ બધા ઉપાયોમાં કેટલાક ઉપાયો આપણા પ્રાચીન સાહિત્યમાં પાનાંઓમાં સચવાઈને પડ્યા છે. બેંકમાં જમા કરેલ રૂપિયાને જ મૂડી માનતા સમાજનું આયુષ્ય કેટલું? મામાનું ઘર કેટલે? સાચી વાત કહેવા માટે પણ પાણી જોઈએ. અરે.. પાણીની મૂડી જો ખૂટી પડશે તો બેંકની મૂડી આપતા પણ પાણી વિના ટળવળવું પડશે. (ઉત્તરાખંડની ત્રાસદીમાં ઘણા લોકોએ પાંચસો અને હજાર રૂપિયે પાણની એક બોટલ મેળવી હતી.) ઋષિઓ હજારો વર્ષો પહેલા પ્રકૃતિના તત્વોને દેવતા સ્વરૂપે પૂજીને કોઈ મૂર્ખામી કરતા હતા શું? તેમને ન સમજતા આપણે કદાચ મૂર્ખ છીએ. એક સમયે પાણીને જલદેવતા, તુલસીને માતા, ગંગાને મૈયા, ગાયને માતા અને સૂરજને દાદા કહેનારો સમાજ આજે પાણીના મૂલ્યને ભૂલશે તો કાલે જ્યારે તેની અછત હશે ત્યારે કયા મોઢે તેની પાસે જઈશું?

હવે સમયની માંગ છે પાણી ગણિતને સમજવાની. કુલ પાણીના (**332.5 million cubic miles**) જથ્થામાંથી ૯૬ ટકા ખારું પાણી સમુદ્રમાં છે. બાકીનાં ૪ ટકા શુદ્ધ પાણીમાંથી ૬૮ ટકા તો બરફ અને ગ્લેશિયર રૂપે અન્યત્ર સ્થિર છે. બાકીનું ૩૦ ટકા (**22.300 cubic miles**)પાણી ભૂમિસ્થ છે. પીવા લાયક પાણી વગર માણસ ક્યાંયનોય નહીં રહે. જેમ નિગ્રહ વિનાનો માણસ તપથી દૂર થઈ જાય.

સમસ્યાનો ઉકેલ આપણી સમજશક્તિ, વિવેકશક્તિ ઉપર આધારીત છે, તેને બરાબર ઓળખવા માટે આપણા પૂર્વજોની જીવનશૈલીને નજીકથી જાણવી પડશે. તો ચાલો, સમજીએ આપણા પ્રાચીનોની એ અદ્ભુત, ઉદાર અને સર્વમયી પર્યાવરણપ્રીતિને.

વૈદિક સભ્યતાનો વિકાસ સપ્તસિંધુના તટ પર ફળીભૂત થયો. સુંદર અને સમૃદ્ધ વનોએ વૈદિક આર્યોનું પોષણ અને રક્ષણ કર્યું. સ્વચ્છ આકાશની નીચે અને સંપન્ન વસુંધરા પર કલકલ કરતી નદીઓના સંગીત પર વિહગોનું કુંજન તથા વિન્ય પશુઓની મિત્રતાનો આનંદ ઉઠાવતા ઋષિઓના મન સદૈવ એની આ વિશેષતાઓને બનાવી રાખવામાં રહ્યું, કારણ કે તો તેમનું પર્યાવરણ હતું.

ન વિચાર, આ કોણ છે આગળ મારી, બીજું ન અન્ય કોઈ તારો જ શ્વાસ છે

લખી વાત બધી બે પાના મહિ નિરાત, ન હવે કોઈનો વિશ્વાસ છે.

પર્યાવરણીય સ્તુતિમાં, રક્ષામાં તથા એ જ પર્યાવરણની વૃદ્ધિમાં ઋષિઓની પાવન વાણી વૈદિક સાહિત્યના રૂપમાં મુખરીત થઈ. પ્રકૃતિ જ એમને માટે સર્વસ્વ બની ગઈ. ઋષિઓએ પ્રકૃતિ અને જીવનનું વર્ણન કરવામાં પોતાનું જીવન લગાડી દીધું. પ્રકૃતિનું અધ્યયન કરતા ઋષિઓએ એવા તથ્યોને ઉજાગર કર્યા કે, જે સૃષ્ટિની આરંભિક અવસ્થાને વ્યક્ત કરે છે. પર્યાવરણની આરંભીક અવસ્થાને રહસ્યમય રીતે પ્રસ્તુત કરવામાં આવી છે. ઋગ્વેદના નાસદીય સૂક્ત અનુસાર...

ઈયં વિસૃષ્ટિર્યત આબભૂવ યદી વા દધે યદી વા ન ।
યો અસ્યાધ્યક્ષઃ, પરમે વ્યોમન્ત્સો અં વેદ યદી વા ન વેદ ।। (૧૦-૧૨૯-૭)

અર્થાત્ આ વિશેષ રચના જેણે ધારણ કરી છે અથવા નથી કરી, જે આ સૃષ્ટિનો સ્વામી છે તેને હે મિત્ર, જીજ્ઞાસુ જાણે છે? અર્થાત્ જિજ્ઞાસુ જ જાણી શકે છે.

ઋગ્વેદમાં સમસ્ત સૃષ્ટિનું નિર્માણ જે તત્વોથી માનવામાં આવે છે, તેનું વર્ણન કરતા ઋષિ બાર્હસ્પત્ય કહે છે કે,

સકૃદ્ધ ધૌરજાયત સકૃદ્ભૂમિજાયત ।
પૃશ્ન્યા દુગ્ધં સકૃત્પયસ્તદન્યો નાનુ જાયતે ।।
(૬-૪૮-૨૨)

અર્થાત નિશ્ચિત જ સૂર્ય એક જ વાર ઉત્પન્ન થયો, ભૂમિ એક વાર ઉત્પન્ન થઈ, દૂધ અને જળ એકવાર ઉત્પન્ન થયા. એ સિવાય અન્ય ઉત્પન્ન ન થયું. શેષ બધઉં તેનાથી જ ઉત્પન્ન છે.

કહેવાય છે કે મંત્રોના અર્થઘટન કરવા માટે વિશિષ્ટ દૃષ્ટિ કેળવવી પડે છે. માટે પ્રસ્તુત મંત્રો આપણી વિચારપ્રક્રિયાને સજાગ કરનારા છે.

પાની રે પાની તેરા રંગ કૈસા...

નળ નીચે નાહવામાં ૧૮૦ લીટર પાણી વપરાઈ જાય છે અને ડોલથી નાહવામાં ૬૦ લીટર પાણી પૂરતું થઈ પડે છે.

**સમસ્યાનો ઉકેલ આપણી સમજશક્તિ, વિવેકશક્તિ ઉપર આધારીત છે, તેને બરાબર ઓળખવા માટે આપણા પૂર્વજોની જીવનશૈલીને નજીકથી જાણવી પડશે. તો ચાલો, સમજીએ આપણા પ્રાચીનોની એ અદ્ભુત, ઉદાર અને સર્વમયી પર્યાવરણપ્રીતિને.**